

# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church
Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.
Email : revrajuparmar@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com
Pastor : Rev. Raju N. Parmar
(M) 8238260259

વર્ષ - ૫૬ | ઓગસ્ટ-૨૦૨૬ | પત્ર - ૧૫૫

## ઈબ્રાહિમ દેવનો મિત્ર

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ,

**'ઈબ્રાહિમે દેવ પર વિશ્વાસ કર્યો, અને તે તેને સારું ન્યાયીપણા તરીકે ગણવામાં આવ્યો અને તેને દેવનો મિત્ર કહેવામાં આવ્યો.'**
**યાકુબ ૨:૨૩**

ઓગસ્ટ માસનો પ્રથમ રવિવાર ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવવામાં આવે છે. મિત્ર, દોસ્ત, ભાઈબંધ, યાર આપણી સફળતા જોઈને આપણાં કરતાં પણ વધારે ખુશ થાય તે મિત્ર. જ્યારે અનેક લોકો તમારી વિરુદ્ધ ઊભા હોય અને એવા વિકટ સમયમાં આવીને કહે ચિંતા કરીશ નહિ, હું તારી સાથે છું એ મિત્ર. અંધારામાં એક આશાનું કિરણ એટલે મિત્ર.

મિત્રતા માનવ જીવનમાં મળેલી ઈશ્વરની સુંદર અને અદ્‌ભુત ભેટ છે. સાચી મિત્રતા જીવનને ખુશીઓથી અને આનંદથી ભરી દે છે અને મુશ્કેલ સમયને પણ સરળ બનાવે છે અને જીવનમાં આગળ વધવા પ્રેરણા પૂરી પાડે છે. મિત્ર આપણા જીવનનો એવો ખાસ વ્યક્તિ હોય છે જે સુખ-દુઃખમાં આપણી સાથે રહે છે. સાચો મિત્ર મુશ્કેલીના સમયમાં આપણને સાથ આપે છે. સાચી મિત્રતા વિશ્વાસ, પ્રેમ, સમજણ અને એકબીજાની મદદ કરવાની ભાવના પર આધારિત હોય છે. મિત્રતા એક વિશ્વાસપાત્ર અને નિષ્ઠાવાન સંબંધ છે કે જ્યાં તમે હાથ ફેલાવો ને એ હૈયુ આપી દે, ને જ્યાં તમે ખોબો ભરીને દુઃખ ઠાલવો તો એ સામે કોથળો ભરીને સુખ ઠાલવી જાય, જ્યારે તમે તમારાથી રિસાઈને, થાકીને, હારીને, તૂટી જાવ ત્યારે તમારા ખભે હાથ મૂકીને તમને શોધવામાં જે તમારી મદદ કરે એ મિત્ર.

મિત્રતા વિશે કહેવું હોય તો શબ્દો પણ ઓછા પડે. એક પેન ભૂલ કરી શકે છે પણ એક પેન્સિલ ભૂલ નથી કરતી કેમ ? કારણ કે તેની સાથે સાચો મિત્ર છે રબર. જ્યાં સુધી એક સાચો મિત્ર તમારી સાથે છે તે તમારી જીંદગીની દરેક ભૂલો મિટાવીને તમને એક સારો માનવી બનાવામાં તમારી મદદ કરે છે.

આ જગતમાં ઘણા મિત્રો મળે છે, પરંતુ ઈશ્વરનો મિત્ર બનવું એ સૌથી મોટું સન્માન છે. ઈબ્રાહિમને ઈશ્વરનો મિત્ર કહેવામાં આવ્યો, તેનું કારણ તેની સંપત્તિ, શક્તિ કે પ્રતિષ્ઠા ન હતા. પરંતુ ઈબ્રાહિમનો અડગ વિશ્વાસ, આજ્ઞાપાલન અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ હતો.

**મિત્રતા વિશ્વાસથી થાય છે :** ઉત્પત્તિ ૧૨:૧. યહોવાએ ઈબ્રાહિમને કહ્યું કે, તું તારો દેશ તથા તારાં સગા તથા તારા બાપનું ઘર મૂકીને, જે દેશ હું તને દેખાડું તેમાં જા. ઈબ્રાહિમે ઈશ્વરના વચનો પર વિશ્વાસ કર્યો અને ઈશ્વરની આજ્ઞા અનુસાર તે ચાલી નીકળ્યો. કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વગર આધીન થયો. સાચી મિત્રતા વિશ્વાસ પર ટકેલી છે. ઉત્પત્તિ ૧૫:૬ અને ઈબ્રાહિમે યહોવા પર વિશ્વાસ કર્યો અને તે તેણે ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું. આજે આપણે ઈશ્વર સાથેની મિત્રતા માટે આપણે સતત તેમના વચનો પર વિશ્વાસ કરવાનો છે.

**મિત્રતા આજ્ઞાપાલન ચાહે છે :** ઈબ્રાહિમની પાસે ઈશ્વરનું વચન આવ્યું, તેણે વચન પર વિશ્વાસ કર્યો અને વચનની આધીનતામાં તે આગળ વધ્યો. ઈશ્વરે તેને પુત્રરૂપી આશીર્વાદ આપ્યો, ઉત્પત્તિ ૨૨:૨ તારો એકનો એક દીકરો ઈસહાક, જેના પર તું પ્રીતિ કરે છે, તેને લઈને જા, પોતાના પુત્ર ઈસહાકનું અર્પણ કરવાની કસોટીમાં પણ તે તૈયાર થયો. ઈશ્વરની આજ્ઞાની આધીનતા સ્વીકારે છે. ઈશ્વરના મિત્ર બનવા માટે તેમની ઈચ્છા પ્રમાણે જીવન જીવવું જરૂરી છે.

**મિત્રતા સમર્પણ ચાહે છે :** યોહાન ૧૫:૧૩ પોતાના મિત્રોને સારું જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણને મિત્ર કહ્યા છે. યોહાન ૧૫:૧૫, પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણને પ્રેમ કર્યો, આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યા. એમ કરવામાં આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે, પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર નિષ્પાપ, નિષ્કલંક બલિદાન આપ્યું કે જેથી આપણને જીવન મળે, ભરપૂરીપણાનું જીવન મળે. યોહાન ૧૫:૧૪, જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો.

**પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા ઉત્તમ મિત્ર છે :** પ્રભુ ઈસુ ખ્રિસ્તના મિત્ર બનવા માટે આપણે તેમની આજ્ઞાઓ પાળવાની છે, તેમના વચનોના પ્રકાશમાં ચાલવાનું છે. તેમની પાછળ ચાલવાનું છે. દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને તેમની પાછળ ચાલવાનું છે. તેમનું અનુસરણ કરવાનું છે.

ભજન સંગ્રહ ૨૦૫, ઈસુ જેવો મિત્ર કોણ છે ? જેને કહીએ શોક મે પાપ ! પ્રભુ ઈસુ ખ્રિસ્ત જેવો ઉત્તમ મિત્ર કોઈ નથી. આ જગતના મિત્રો જરૂરિયાતો પ્રમાણે બદલાશે, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત કદી બદલાશે નહિ. માટે આવો આ મિત્રતાના દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા ઉત્તમ મિત્ર બનાવીએ. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જુલાઈ -૨૦૨૬

- તા. ૧-૭-૨૬, પાલડી વિસ્તારમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગમાં મળ્યા હતા.
- તા. ૫-૭-૨૬, ભજનસેવામાં મળ્યા. પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવ્યો. ભજનસેવા બાદ સન્ડેસ્કૂલ વક્તૃત્વ સ્પર્ધામાં મળ્યા હતા. શ્રી સુનિલભાઈ મેકવાન અને કુ. સાલીન ગામડિયાએ નિર્ણાયક તરીકે સેવા આપી. આભાર.
- તા. ૮-૭-૨૬, ડિસ્ટ્રિક્ટ પાળક પ્રાર્થના સંગતમાં સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં મળ્યા હતા.
- તા. ૧૨-૭-૨૬, ભજનસેવામાં મળ્યા. બાઈબલ સોસાયટી સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. ગુજરાત ઓક્ઝિલિયરીના સેક્રેટરી રેવ. આશિષ અમીને પ્રભુનાં વચનોનું મનન કરાવ્યું. બાઈબલ સોસાયટીને ૩૧૦૦૦-૦૦ દાન પ્રાપ્ત થયું. સન્ડેસ્કૂલની વક્તૃત્વ સ્પર્ધા લવામાં આવી હતી. તે બાળકોને ટ્વીંકલબેન ક્રિસ્ટી તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. આભાર. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટીમાં મળ્યા હતા. ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. દ્વારા બેથાની જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચમાં પ્રેઈઝ એન્ડ વર્શીપ કાર્યક્રમમાં જુવાનો સાથે હાજરી આપી હતી.
- તા. ૧૯-૭-૨૬, પુલ્પીટ એક્ષચેન્જ સન્ડેની ભજનસેવાનું લીડીંગ શ્રી લિનિયસભાઈ એસ. પેલમોરે કર્યું હતું. સિયોન મેથોડિસ્ટ ચર્ચ સાબરમતીના પાળક રેવ. પંકજ ખ્રિસ્તી સાહેબે વચનની સેવા આપી હતી. સ્થાનિક પાળકે મેથોડિસ્ટ ચર્ચ, અમદાવાદ વેસ્ટમાં વચનની સેવા આપી હતી.
- તા. ૨૬-૭-૨૬, ભજનસેવામાં મળ્યા. પાસ્ટર એગ્લોન બારૈયાએ વચનની સેવા આપી હતી.




## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| ઈયાન એ. મહિડા | બર્થડે/આ.સ્તુ. | ૧૦૦૦ |
| ફેનિલ એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| વિનોદભાઈ એફ. રાઠોડ | આ.સ્તુ. | ૨૦૦ |
| મંદાકીનીબેન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| રૂફિનાબેન રાજ શાહ | એજ્યુ. | ૨૦૦૦ |
| કુ. રીયોના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| રીટાબેન ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| જેક એમ. રાઠોડ | આ.સ્તુ. | ૫૦૦ |
| કેરોલીનબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| મહિમાબેન એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| રીટાબેન જે. કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| જુલીએટબેન એન. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦ |
| નોએલભાઈ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦ |
| સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦ |
| કુ. રીયોના પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ફ્રાન્સીસભાઈ વી. ગોહેલ | બર્થડે | ૫૦૦ |

## આવનાર દિવસો તરફ દ્દષ્ટિપાત

- તા. ૨-૮-૨૦૨૬, ભજનસેવામાં મળીશું. પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવશે. આભારસ્તુતિનું દાન લેવામાં આવશે.
- તા, ૧૫-૮-૨૦૨૬, ડિસ્ટ્રીક્ટ વિદ્યાર્થી સન્માન સમારંભમાં મળીશું.
- સ્થાનિક મંડળી દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ થશે. તમારી માર્કશીટની કોપી પાળક સાહેબને આપશો.




## BIRTHDATE IN AUGUST

| | |
|---|---|
| ૧/૮ | શૉન આર. ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૧/૮ | એન્ડરસન એ. ક્રિશ્ચિયન |
| ૧/૮ | એલિશા એ. પરીખ |
| ૪/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન(U.S.A.) |
| ૭/૮ | થોમસ વી. મેકવાન |
| ૮/૮ | લલીતાબહેન એસ. ખ્રિસ્તી |
| ૧૩/૮ | જેનેટ પી. ક્રિશ્ચિયન |
| ૧૯/૮ | સુરેખા એ. ક્રિશ્ચિયન |
| ૨૦/૮ | આશ્કા એન. રાઠોડ |
| ૨૨/૮ | એનેશા ડી. હેરી |
| ૨૩/૮ | સ્ટેલા એમ. પરમાર |
| ૨૪/૮ | આર્નોન એસ. પેલમોર |
| ૨૪/૮ | શનાયા એન. મહીડા (U.S.A.) |
| ૨૫/૮ | પ્રાર્થના એ. કાપડીયા |
| ૨૭/૮ | જીલ એમ. રાઠોડ |
| ૨૯/૮ | ડોરીન એન. ક્રિશ્ચિયન |



## નાણાંકીય અહેવાલ - જૂન - ૨૦૨૬

| | | |
|---|---|---|
| તા.૧-૬-૨૬ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૬૩૩૪૮-૮૮ |
| | બેંક | ૫૪૨૬૦૩-૫૯ |
| જૂન-૨૦૨૬ની | આવક | ૧૫૦૨૦૮-૦૦ |
| | કુલ | ૭૫૬૧૬૦-૪૭ |
| તા.૩૦-૬-૨૬ની બંધ સિલક | | |
| | રોકડ | ૪૪૨૫૮-૮૮ |
| | બેંક | ૫૭૬૯૦૯-૫૯ |
| જૂન-૨૦૨૬ની | જાવક | ૧૩૪૯૯૨-૦૦ |
| | કુલ | ૭૫૬૧૬૦-૪૭ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર